# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું છે. ધોરણ 12 સામાન્ય પ્રવાહનું પરિણામ આ વર્ષે 92.71 ટકા આવ્યું છે આ વર્ષે ચાર લાખ 35 હજાર 102 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ચાર લાખ ત્રણ હજાર 362 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. 97.88 ટકા પરિણામ સાથે ડાંગ જિલ્લાનું સૌથી વધુ પરિણામ આવ્યું છે. જ્યારે અમદાવાદ શહેરનું સૌથી ઓછું 87.10 ટકા પરિણામ આવ્યું છે. પરીક્ષા કેન્દ્રોમાં તડાવ, કોટડા, કાંગવાઇ, પ્રશ્નાવાડા કેન્દ્રનું સૌથી વધુ 100 ટકા પરિણામ આવ્યું છે.

આ વર્ષે વિજ્ઞાન પ્રવાહનું 84.33 ટકા પરિણામ આવ્યું છે. જેમાં મોરબી જિલ્લાનું સૌથી વધુ 94.85 ટકા પરિણામ આવ્યું છે જ્યારે સૌથી ઓછું પરિણામ દાહોદ જિલ્લાનું આવ્યું છે. આ અંગે શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાએ વધુ માહિતી આપી.

(BYTE : PRADHYUMAN VAJA, EDU. MINISTER)

# RESULT DISTRICT

આજે રાજ્યમાં જાહેર થયેલા ધોરણ 12ના પરિણામમાં વિજ્ઞાન પ્રવાહમાં બનાસકાંઠાના અંબાજી પાસેનું કુંભારીયા કેન્દ્ર સમગ્ર રાજ્યમાં પ્રથમ આવેલ છે. બનાસકાંઠાનું વિજ્ઞાન પ્રવાહનું 90.45 ટકા જ્યારે સામાન્ય પ્રવાહનું 97.71 ટકા પરિણામ જ્યારે

સુરત જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં કુલ 29 ટકા વિદ્યાર્થીઓએ જ્યારે સામાન્ય પ્રવાહમાં 28 ટકા વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે.જેમાં એક વિદ્યાર્થીનીએ  પ્રતિક્રિયા આપી.

(BYTE : STUDENT)

નવસારી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહનું 84.68 અને સામાન્ય પ્રવાહનું 95.13 ટકા પરિણામ આવ્યું છે. અમરેલી જિલ્લામાં સામાન્ય પ્રવાહમાં 92 ટકા જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં 83.13 ટકા પરિણામ નોંધાયું છે.

પાટણ જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું 84.43 ટકા જ્યારે સામાન્ય પ્રવાહ નું 94.77 ટકા પરિણામ આવ્યું છે.

છોટાઉદેપુર જિલ્લામાં સામાન્ય પ્રવાહમાં 92.30 ટકા  અને વિજ્ઞાન પ્રવાહમાં 66.34 ટકા  પરિણામ.

કચ્છ જિલ્લો 96.21 ટકા પરિણામ સાથે રાજ્યમાં સાતમા ક્રમે આવ્યો છે. મહેસાણા જિલ્લામાં  વિજ્ઞાન પ્રવાહ નું 85.1 ટકા પરિણામ આવેલ છે.

# UMRETH ELECTION

ઉમરેઠ વિધાનસભાનીપેટા ચૂંટણીની આજે હાથ ધરાયેલી મતગણતરીમાં ભાજપના ઉમેદવાર હર્ષદ પરમાર વિજેતા જાહેર થયા છે. 23 રાઉન્ડના અંતે હર્ષદ પરમાર 30 હજાર 682 મતે વિજેતા થયા છે. તેમને 85 હજાર 371 મત અને કોંગ્રેસના ઉમેદવાર ભૃગુરાજસિંહ ચૌહાણને 54 હજાર 689 મત મળ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે આ બેઠક પર ચાલુ ધારાસભ્ય ગોવિંદ પરમારનું અવસાન થતાં આ બેઠક ખાલી પડી હતી.

# KUTCH SOG

પૂર્વ કચ્છમાંથી 2 લાખ રૂપિયાથી વધુના માદક પદાર્થના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો છે. ગાંધીધામની એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ટીમે અંજાર તાલુકાના મેઘપર કુભારડી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ભક્તિનગર-2, મકાન નંબર 129માંથી પોલીસે આશરે પાંચ કિલોગ્રામ માદક પદાર્થ કબ્જે કર્યો હતો, જેની અંદાજિત કિંમત 2 લાખ 82 હજાર 700 રૂપિયા થાય છે. ઉપરાંત સ્થળ પરથી એક મોબાઇલ ફોન, વજનકાંટો, ઓળખના દસ્તાવેજો અને અન્ય સામગ્રી મળી આવી હતી.

# BJP MEET

ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે ભાજપની કોર કમિટી બેઠક યોજાશે. જેમાં મહામંત્રી, ઉપપ્રમુખો અને સંગઠન મંત્રી હાજર રહેશે. બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ અંગે મંથન થશે. ઉપરાંત મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતના હોદ્દેદારો અંગે ચર્ચા થશે. બેઠકમાં આગામી પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડ અંગે પણ ચર્ચા થશે.

# WATER SUPPLY

ચાલુ વર્ષે ચોમાસામાં સાવાર્ત્રિક અને ભારે વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયોમાં વર્તમાન સ્થિતિએ સંગ્રહાયેલ કુલ 59 ટકા એટલે કે 5.32 લાખ મિલિયન ક્યુબિક ફીટ-MCFT થી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર ગત વર્ષના સાપેક્ષમાં આ વર્ષે વિસ્તારવાર રાજ્યમાં 9 ટકાથી વધારે પાણીનો જથ્થો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં 72 ટકાથી વધુ પાણીનો સંગ્રહ છે. રાજ્યમાં સૌથી વધુ 49 ટકાથી વધુ પાણીનો જથ્થો મધ્ય ગુજરાતના જળાશયોમાં ઉપલબ્ધ છે.

# WEATHER

આગામી સાત દિવસ દરમિયાન રાજયના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. જોકે રાજ્યના છૂટા છવાયા વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતા છે. આગામી દિવસોમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા રહેવાની સંભાવના છે.

છેલ્લા 24 કલાકમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 42.5 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.